

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ડૂબતો પક્ષ, તરવા માટે તરણાં શોધે છે,*
*ને પ્રશાંત-કિશોર જેવાનાં શરણાં શોધે છે,*
*છટક બારણાં શોધે છે કોંગ્રેસનું નેતૃત્વ -*
*ચિર-નિંદ્રામાં પોઢી જવા એ પારણાં શોધે છે.*
*(ગાંધી-સરદારને યાદ કરો)*

હાઈકુ

*બજેટ વિના -*
*વધે છે રોજ વેરા,*
*રેલ્વે રમત...*
*(અવનવા ચાર્જ)*

*જેટલી જાળે,*
*ગૂંચવાયા છે ખૂદ*
*જીએસટીમાં...*
*(નોટબંધીનો તાલ)*

### ચિંતન

*તમો બલં તાપસનાં બ્રહ્મ બ્રહ્મવિદાં બલમ્ ।*
*હિંસા બલમ સાધૂનાં ક્ષમા ગુણવતાં બલમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

તપસ્વીઓનું બળ તપ છે, બ્રહ્મ જાણનારાઓનું બળ બ્રહ્મ છે. ('બ્રહ્મ'નો અર્થ વેદ લઈને તો એમ અનુવાદ થશે કે : 'વેદ જાણનારાઓનું બળ વેદ છે.') દુર્જનોનું બળ હિંસા અને ગુણવાનોનું બળ ક્ષમા છે.

ક્ષમાનું સામર્થ્ય અદ્‌ભૂત હોય છે. ગુણીજનો ગમે તેવા દુર્જનોને ક્ષમાના ગુણથી વશ કરી દે છે.

આજના યુગમાં 'બળિયાના બે ભાગ' કહેવત સત્ય અને હકીકત બનતી જાય છે સત્તાધીશો - પોલીસ અને અધિકારીઓને પણ ધમકીની ભાષામાં વાત કરતાં જોવા મળે છે. કાયદો અને ન્યાય આવા મસલમેનના કહ્યામાં ગુલામ જેવો હોય છે. નિર્દોષ પશુ-પંખીના શિકાર કરનારા અને માણસોને કચડી નાખનારા ગુનેગારોની ન્યાય પગચંપી કરે છે.

તપમાં બળ છે ક્ષમામાં શક્તિ છે. જ્ઞાનમાં તાકાત છે દેર છે પણ અંધેર તો નથી જ.

### સુવિચાર

- નિયમ એવો રાખીએ કે યમના આવે પાસ, રોજ હરિ રસ ચાખીએ હૈયે હરિના વાસ - **સંત પુનિત**
- ઈતિહાસમાં નામ થાય એમાં મને રસ ન હો... પરોપકારનાં કામ એમાં મને રસ હો - **સ્વામી આનંદ**
- જીવનમાં એટલું તો કરવું જ કે જેથી આપણે બીજાનાં શબ્દોને સહન કરી શકીએ - **સંત રોબિન**
- હે ભગવાન, અમે કોઈ અન્યાય કરીએ તો તો અમને માફ કરજે, અને જેણે અમને અન્યાય કર્યો હોય તેને માફ કરવાની શક્તિ અમને આપજે - **બાઈબલ**
- ભગવાન, મને અડધી રોટી જ આપ, આખી રોટી નાહકની પીડા કરશે, જો ઘી ચોપડેલી રોટી ચાહીશ તો ઘણાં પાપ કરતો થઈશ - **કબીર**
- ઈર્ષ્યાને કોઈ દિવસ રજા મળતી નથી - **બર્મીઝ કહેવત**
- આજનું ઔષધ : દહીમાં મેથીના દાણાનો પાઉડર નાખીને મિક્સ કરીને ખાવાથી પેટના દુઃખાવામાં રાહત મળે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઈશ્વરની દૃષ્ટિમાં રાજા-પ્રજા, શેઠ-નોકર, નેતા-જનતા, બધા સરખા છે બધાથી રગમાં લાલ લોહી અને ધબકતું હૃદય છે - એમાં કોઈ ભેદભાવ નથી. વિશ્વસમ્રાટ સિકંદર ને સત્તાનો નશો હતો. એક વખત એક વૈજ્ઞાનિક જે માનવજીવન પર સંશોધન કરી રહ્યો હતો તેને મળવા તેની પ્રયોગશાળામાં ગયા. વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળામાં ઘણા બધા માનવ હાડકાંને લઈ અભ્યાસમાં તલ્લીન હતા. એમને ખ્યાલ ન રહ્યો કે સમ્રાટ સિકંદર ખુદ એમને મળવા આવ્યા છે. સિકંદરનો પારો ચડી ગયો અને બોલ્યો, 'મહાશય આપ શેનું સંશોધન કરી રહ્યા છો, અને એવા તલ્લીન છો કે હું આવ્યો છું અને તમને ખબર પણ નથી?' પેલા વૈજ્ઞાનિકને સમ્રાટ સિકંદરની ભાષા પરથી ખ્યાલ આવ્યો કે સમ્રાટને સત્તાનો કેવો નશો છે. વૈજ્ઞાનિક ઉમ્મરમાં સમ્રાટ કરતા ઘણા મોટા હતા અને અનુભવી પણ હતા. એમના કરતાં વિચાર્યું કે સમ્રાટને સીધી કોઈ વાત કરીશ તો મોત મળશે. એના કરતા કંઈક યુક્તિ કરી બોધ આપવો જેથી સમ્રાટને સાનમાં સમજણ પણ પડે.

વૈજ્ઞાનિક કહ્યું, 'મને એમ હતું કે જગત પર પ્રભુએ વત્તા-ઓછા પ્રમાણમાં સૌને ધન-દોલત, કીર્તિ, વૈભવ, વિલાસ, માન-મોભા અને સુખ આપ્યા છે. આ રીતે પ્રભુએ કંઈક ભેદભાવ રાખ્યા છે. પરંતુ મનુષ્યનો દેહ જે પંચમહાભૂતોનો બનેલો છે. તેમાં બધાંને સરખાં રાખે છે કે ભેદભાવ રાખે છે તેથી હું મૃત થયેલા માનવીનાં હાજકાં ભેગા કરી હું સંશોધન કરી રહ્યો છું. આ ઢગલામાં રાજવી, અમલદાર, જમીનદાર, ભિખારી, ચોર કે સિપાઈ કે સન્યાસી બધાના હાડકાં ભેગા કરેલા છે. પ્રભુએ કેવું અદ્‌ભૂત સર્જન કર્યું છે કે સૌના હાડકાં એકસરખા જેવા જ બનાવ્યા છે. વડીલ વૈજ્ઞાનિકની બુદ્ધિપૂર્વકની ટકોર સમ્રાટ સિકંદરના હૃદયમાં ઉતરી ગઈ અને તે વંદન કરી પ્રયોગશાળામાંથી વિદાય થયો.

# વિશ્વ રંગભૂમિ દિવસ : રંગકર્મીઓની મસમોટી જવાબદારી

*તંત્રીસ્થાનેથી...*

આજે ૨૭મી માર્ચ. દુનિયાભરમાં આ દિવસને વિશ્વ રંગભૂમિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટીટ્યુટ દ્વારા ૧૯૬૧માં આ દિવસની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો હતો. થિયેટરનું મહત્ત્વ અને મૂલ્ય લોકોને સમજાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ નિમિત્તે દેશ, દુનિયાના થિયેટરકર્મીઓ વિવિધ કૃતિઓનું મંચન પણ કરે છે. પરંતુ તેમ છતાં સવાલ એ ઊભો રહ્યો છે કે ખરેખર આપણે ત્યાં થિયેટર એટલે કે રંગભૂમિનું મૂલ્ય કે મહત્ત્વ લોકોને સમજાયું છે ખરું ?

રંગભૂમિનું મહત્ત્વ રંગકર્મીઓ તરફથી સમજવાનો પ્રયાસ કરીએ તો જણાશે કે ભાગ્યે જ કોઈ રંગકર્મી એવા છે જે માત્ર રંગભૂમિ દ્વારા જ પોતાની રોજગારી મેળવી શકે છે. એમને આજીવિકા માટે અન્ય કાર્યો કરવાં જ પડે છે.

તો સામે પક્ષે ઑડિયન્સ માટેય રંગભૂમિનું મહત્ત્વ કેટલું? સારામાં સારી વાર્તા, સારામાં સારું નાટક અને સારામાં સારો સંદેશ હોય તોય કેટલા લોકોના ગળે એ ઊતરે છે ? એક સારા નાટકે ૫૦૦ કે ૧૦૦૦ શો કર્યાના સમાચારો આપણે વાંચીએ છીએ પરંતુ એ નાટકની અસરથી એક માણસ પણ સુધર્યો કે કંઈક શીખ્યો એવા સમાચાર આપણને ક્યારેય મળતા નથી. આમાં રંગભૂમિનું મહત્ત્વ ને મૂલ્ય ક્યાં સમજાયું ને કોને સમજાયું ?

કેટલાક નાગરિકો એવી પણ દલિલ કરે છે કે અમે નાટકો માત્ર મનોરંજન માટે જોઈએ છીએ, એમની અસર અમારા જીવન પર પડે એ માટે નહીં તો વળી કેટલાંક એવી દલિલ પણ કરે છે કે નાટક ભજવનારા કલાકારો પોતે ક્યાં એટલું ઉચ્ચ કે આદર્શ જીવન જીવે છે? સારામાં સારા નાટકમાં કામ કરનારા નામનાપ્રાપ્ત કલાકારનું અંગત જીવન જુઓ તો સમજાશે કે અવગુણો અને વ્યસનોના એ પણ ગુલામ છે. જો નાટકનું મૂલ્ય એમને સમજાયું હોત કે એમણે રંગભૂમિનું મહત્ત્વ સમજ્યું હોત તો પોતે ભજવેલાં સારાં નાટકોમાંથી પદાર્થપાઠ લઈને ઉચ્ચકક્ષાનું જીવન ન જીવતા હોત ?

બંને દલિલો સાવ વાહિયાત તો નથી જ કે એમને સાવ કાઢી નાખવા જેવી પણ નથી. રંગભૂમિનું મહત્ત્વ સમાજને બતાવવા નીકળેલા કલાકારોમાં જ્યાં સુધી નિષ્ઠા ને સંવેદના નહીં જન્મે ત્યાં સુધી આવા રંગભૂમિ દિવસો ઉજવ્યા જ કરવા પડશે. અન્યથા આવા દિવસો ઉજવવાની જરૂર નહીં પડે.

અહીં ભવાઈની યાદ અવશ્ય આવે. ભવાઈ જેવી ઉચ્ચ કક્ષાની કલા આજે મરણપથારીએ છે અને નવી પેઢી તો એનું નામેય નથી જાણતી. 'સાત કલાઓનો જાણકાર હોય એ ભવાઈ ભજવી શકે' એવું ભવાઈના એક નિષ્ણાત પાસેથી જાણ્યું છે. પરંતુ તેમ છતાં ભવાઈનું સ્થાન આજે જોખમમાં છે, એટલે સુધી કે 'ભવાઈ' શબ્દને પણ આજે ખરાબ અર્થમાં કહેવા, સાંભળવામાં આવે છે. આવું શાને થયું ? એનાં કારણો તપાસતાં નિષ્ણાતોને જાણવા મળ્યું હતું કે આખરે આખીય વાત માટે મૂલ્યોને નેવે મૂકી દેનારા તેના કલાકારો જ જવાબદાર હતા.

નાટકનું પણ કંઈક અંશે એવું જ છે. અલબત્ત, નિષ્ઠાવાન અને વ્યાવસાયી કલાકારો ઉપરાંત પોતાના અનોખા એવા સ્વરૂપને કારણે નાટક માટે લોકોનો રસ ટકી રહ્યો છે. પરંતુ દરરોજ નવાં માધ્યમોના આ યુગમાં આ રસ ટકાવી રાખવો હશે તો રંગકર્મીઓએ રંગભૂમિ ઉપર અને બહાર પણ ઘણું કરવાનું બાકી રહે છે એ યાદ રાખવું પડશે.

# સાયબર ક્રાઈમ કન્ટ્રોલ સેલની રચના થશે : સોશ્યલ મીડીયા પર સમાજની સુરક્ષા જોખમાય વૈમનશ્ય વધે તો ગુન્હો બનશે



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજયમાં ગુન્હાખોરી ઘટાડવા તથા સાયબર ક્રાઈમને કન્ટ્રોલ કરવા માટે સોશ્યલ મીડીયા મોનેટરીંગ સેલ, સાયબર ક્રાઈમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર અને સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ એન્ડ હેલ્પલાઈન ઉભા કરવાની રાજય સરકારે જોગવાઈ કરેલ છે.

સમાજ સમાજ વચ્ચે વૈમનશ્ય વધે તે રીતના મેસેઝીસ, ફિલ્મ, ફોટા સોશ્યલ મીડીયા ઉપર વાયરલ કરી અરાજકતા ફેલાવવી કે સરકાર વિરોધી પ્રવૃત્તી કરવી એ હવે ક્રાઈમ ગણી પગલા ભરવામાં આવશે.

કોમ્પ્યુટર અને સ્માર્ટ ફોનના જમાનમાં રાજય કે દેશ, વિદેશમાં મોબાઈલ લેપટોપ કે ટેબલેટના ઉપયોથી સાયબર ક્રાઈમમાં વધારો થતો જાય છે જેના ઉપર તાકીદના પગલા ભરવા માટે રાજય સરકારે સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ એન્ડ હેલ્પલાઈન સેન્ટર ચાલુ કરવાનો નિર્ણય કરેલ છે સોશ્યલ મીડીયાના ઉપયોગ દ્વારા પણ કોઈ ગુન્હાખોરી ના ફેલાય તે માટે સોશ્યલ મીડીયા મોનેટરીંગ સેલ ઉભો કરવાનો નિર્ણય કરેલ છે આ ઉપરાંત રાજય સરકારે સાયબર ક્રાઈમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ ઉભું કરવાની જોગવાઈ હાથ ધરેલ છે. દેશ વિદેશમાં બેન્કીંગ ક્ષેત્રે પણ સાયબર ગુન્હા વધતા જાય છે નેટ બેકીંગ દ્વારા નાણાકીય છેતરપીંડી આચરવામાં આવે છે જેના ગુન્હેગારો વિદેશથી ઓપરેટ કરતા હોય છે પકડાતા નથી આ માટે અલગથી સાયબર સેવ ઉભું કરી ટ્રેનીંગ આપવામાં આવશે. ક્રેડીટ કાર્ડ, મોબાઈલ ફોન ઉપર અશ્લીલ એસએમએસ કે ઈમેલ એકાઉન્ટ હેગ કરવાના ગુન્હા પણ વધતા જાય છે આ માટે ૫૦ બેઠકોવાળુ કોલ સેન્ટર રાજય સરકાર ઉભુ કરી મોનેટરીંગ કરશે અને ગુન્હેગારોને ટ્રેસ કરી તેના એકાઉન્ટ બંધ કરશે આ માટે ટોલ ફ્રી નંબરની સેવા પણ નાગરિકો માટે ઉપલબ્ધ કરાશે જેના દ્વારા સાયબર ફોડની જાણકારી મેળવી શકાશે.

રાજયભરમાં કુલ ૨૮૨ સ્થળોએ સીસી ટીવી કેમેરા મુકવામાં આવ્યા છે. જેના દ્વારા સાયબર ક્રાઈમ સેલ મોનેટરીંગ કરશે તમામ ધાર્મીક સ્થળોએ સીસી ટીવી કેમેરાથી આવરી લેવામાં આવશે જેનું મોનેટરીંગ એક જ સ્થળેથી કરવામાં આવશે.

જે વ્યક્તિ સાથે સાયબર ક્રાઈમની ઘટના બની હશે તેનું રીપોર્ટીંગ કરવામાં આવશે અને આવી રીતે અન્ય લોકો ના છેતરાય તે માટે જાહેરાતો દ્વારા નાગરિકોને ચેતવવામાં આવશે જેનાથી રાજયના વૃધ્ધો, મહિલાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકો સાયબર ક્રાઈમના ભોગ બનતા અટકાવાશે.

સોશ્યલ મીડીયા મોનેટરીંગ સેલ ઉભા કરવામાં આવશે જેના દ્વારા સમાજ સમાજ વચ્ચે વૈમનશ્ય ફેલાવનાર લોકો દ્વારા સમાજની સુરક્ષા જોખમાય તેવા સંદેશા વાયરલ કરતા પકડી શકાશે અને તેને અટકાવી યોગ્ય પગલા ભરવામાં આવશે આ માટે જવાબદાર સામે સાયબર ક્રાઈમનો ગુન્હો નોંધી પગલા ભરવામાં આવશે તેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરાશે અને જામીન લેવામાં આવશે જેથી ભવિષ્યમાં ફરી વખત આવી પ્રવૃત્તી ના કરે.

જાતી, જાતી વચ્ચે સમાજ, સમાજ વચ્ચે, ધર્મ, ધર્મ વચ્ચે વૈમનશ્ય ઉભું કરનાર અસામાજીક તત્વો ઉપર લગામ આવશે અને વાણી તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે સમાજની સુરક્ષા જોખમાય તેવી વિઘાતક પ્રવૃત્તી કરનાર સામે ગુન્હો નોંધી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તીઓ કરનાર સામે રાષ્ટ્ર દ્રોહનો ગુન્હો પણ નોંધવામાં આવશે. સાયબર ટેરીરીઝમ, સાયબર વોરની વિરૂધ્ધ સાયબર ક્રાઈમ એન્ડ કન્ટ્રોલ સેન્ટર કામકાજ કરશે ટેકનિકલ નિષ્ણાંતોની ટીમ આના માટે રોકવામાં આવશે સાયકર ક્રાઈમ ઉપર લગામ લાગશે અને ભોળા માસુમ યુવકોનું બ્રેઈનવોશ કરી જેહાદી પ્રવૃત્તીમાં જોડવાના બદઈરાદાવાળા લોકોને પકડી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. કટ્ટરવાદ ફેલાવનાર આંતકવાદી કટ્ટરપંથીઓ દ્વારા ઈન્ટરનેટ ઉપર જેહાદી પ્રવૃત્તીઓની માહિતી આપવામાં આવે છે આવી વેબસાઈડ લોક કરવામાં આવશે આ માટે સાયબર કન્ટ્રોલ સેલની રચના કરવામાં આવશે.

આધુનિક યુવમાં સોશ્યલ મીડીયા દ્વારા સંદેશા ઘડીના છઠ્ઠા ભાગમાં દેશ વિદેશમાં ફેલાઈ જાય છે જેનાથી ઉશ્કેરાઈ આવેશમાં આવી રમખાણો પણ થઈ જાય છે જેને રોકવા માટે તથા સાયબર ક્રાઈમના ગુન્હા ઘટાડવા માટે રાજય સરકારે આધુનિક પગલા ભરવાની પહેલ કરેલ છે જેનાથી નાગરિકોની સુખ, શાંતી અને સલામતી જળવાશે.

# મીઠા શબ્દોના ખાલી બે ટીપા, સંબંધોને પોલિયો થતા અટકાવે છે...



## WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

**"મીઠા શબ્દોના ખાલી બે ટીપા**
**સંબંધોને પોલિયો થતા અટકાવે છે..."**

આજના આ સમયમાં શારીરિક શ્રમ પડે કે થાક લાગે એવા કામ કરવાનું ઘટી રહ્યું છે પરંતુ, માનસિક તાણ મોટાભાગના લોકોમાં જોવા મળે જ છે. નાના-મોટા તમામને કોઈને કોઈ પ્રકારની તાણ-Stress રહેલા જ હોય છે અને પરિણામે જ્યાં પણ ચાન્સ મળે વ્યક્તિ પોતાનું ફ્રસ્ટ્રેશન ત્યાં ઠાલવી દે છે. પોતાને સાંભળવું કોઈનું નથી અને બસ પોતાની તકલીફો બધાને ગાવી છે. અંબુભાઈ શાહની લખેલી આ વાર્તા તેનું સચોટ ઉદાહરણ છે :

'એ સૂર્યવંશી ! કયાં સુધી ઘોરવું છે ? દુકાને કયારે જઈશ ? ચાલ ઊઠ, ઝટ તૈયાર થા !' મનહરલાલે પુત્રને ઉઠાડતાં કહ્યું, પુત્ર તરત ઊઠ્યો. પણ પિતાના શબ્દો એની છાતીમાં વાગ્યા. મારનો ઘા કંઈક હળવો બને છે ? - એ જોવા પુત્રે ખુલાસો કર્યો : 'રાતે મોડે સુધી નામું લખ્યું હતું એટલે જરા મોડું...'

'હું તને ન ઓળખતો હોઉં તો ને ?' પિતા વચ્ચે જ ગરજ્યા.

'લખ્યાં નામું હવે! ખાલી બહાનાં ન બતાવ. ઊંઘણશી છે ઊંઘણશી!'

પુત્રના મનમાં થયું, 'શું પોતે નામું નહોતું લખ્યું ? પોતાના ઉપર આટલો બધો અવિશ્વાસ ?' ઘા વધુ ઊંડો થયો. ખિન્ન મને પુત્ર દુકાને ગયો... મુનિમ આજે દુકાને મોડા આવ્યા. પુત્રે તરત ટકોર્યા : 'કેમ મોડા ?'

પ્રશ્નનો ધ્વનિ અને રીત બંને મુનિમને ખટક્યા. પણ એ સમજુ અને પીઢ હતા. શાંતિથી ખુલાસો કર્યો કે, 'પત્નીની તબિયત સારી ન હતી, તેથી મોડું થયું.' પણ શેઠ-પુત્રે રોકડું પરખાવ્યું કે, 'એવા બહાના કાંઈ ચાલેબાલે નહીં. નોકરી કરવી હોય તો વખતસર આવતાં શીખો.' મુનિમને ભારે આશ્ચર્ય થયું : નાના શેઠ કોઈ દિવસ આ રીતે વાત કરતા નથી, અને આજે આમ કેમ? પણ મનમાં સમસમીને બેસી ગયા.

મુનિમના મનમાં પત્નીની બિમારીની ચિંતા ઓછી ન હતી. એમાં નાના શેઠના આ આ વર્તાવથી ભારે ઉદ્વેગ થયો. બપોરે ઘેર જમવા જતાં બિમાર પત્ની માટે પપૈયો લઈ જવાનું તે ભૂલી ગયા. ઘેર પહોંચતાં જ પત્નીએ પૂછ્યું, 'પપૈયા લાવ્યા ?' ત્યાં તો મુનિમજી તાડૂકીને બોલ્યા, 'બસ, દુકાને શેઠ અને ઘેર શેઠાણી ! હજુ પગ મૂક્યો નથી કે હુકમ છૂટ્યો નથી.' પત્નીને ભારે દુઃખ થયું. માત્ર 'પપૈયા લાવ્યા ?' એમ પૂછ્યું, એને પણ હુકમ ગણ્યો ? જિંદગી આખી પતિની ઈચ્છાને આધીન બનેલી પત્ની આજે બપોરે વ્યથિત હૈયે સમસમીને પથારીમાં સૂઈ જ રહી.

બપોરના મોડેથી જૂનાં કપડાંના બદલામાં વાસણ આપનાર બહેને આવી બારણે સાદ પાડ્યો. આ બિમાર બહેને ઊભા થઈ બારણે આવી વાસણવાળી બહેનને કહ્યું : 'બધાં ચોર છો ચોર. ધૂતવા જ નીકળ્યા છો!' અને બારણું ધડ બંધ કરી, જઈને પથારીમાં પડતું મૂક્યું. પેલા બહેનને ક્રોધ તો ઘણોય આવ્યો, પણ બંધ બારણા સામે બડબડીને જ આગળ વધવું પડ્યું.

થોડીવાર પછી આ બહેન દાતણ વેચવા નજીકના બજારમાં પાથરણું પાથરીને બેઠા. સાંજ પડવા આવી હતી. દુકાન વધાવીને ઘર ભણી જતાં મનહરલાલ બજારમાં દાતણ લેવા આવ્યા અને આ બહેન પાસેથી દાતણ લીધા. સારાનરસાં જોતાં, એક વધુ દાતણ ખ્યાલ બહાર હાથમાંથી ઝોળીમાં પડી ગયું. દાતણવાળી બહેને આ જોયું. મનહરલાલે પૈસા આપી ચાલવા માંડ્યુ, ત્યાં જ બહેને હાક મારી : 'એ ચીનના શાહુકાર ! ગણતાં આવડે છે કે નહીં? વધનું દાતણ પાછું આપતા જાવ! મનહરલાલ તો આભા જ બની ગયા. ઝોળીમાં જોયું તો એક દાતણ વધારે હતું. તે પાછું આપતાં બચાવમાં કહેવા લાગ્યા, 'જાણી કરીને નથી લીધું. અજાણતાં પડી ગયું હશે. ' પણ દાતણવાળી બહેને તો સંભળાવ્યે જ રાખ્યું. મનહરલાલે જતાં જતાં એના શબ્દો સાંભળ્યા : 'હું તમ લોકને ઓળખતી ન હોઉં તો ને ? લ્યો, બતાવ્યું બહાનું - જાણી કરીને નથી લીધા ! ચીનના શાહુકાર છો શાહુકાર.' એવા લહેકાથી આ શબ્દો બોલાયા કે આજુબાજુના લોકો પણ મનહરલાલ તરફ જોઈ રહ્યા. તેમને થયું કે ધરતી મારગ આપે તો સમાઈ જવું સારું.

સવારે મનહરલાલે જે શબ્દોનું તીર છોડ્યું હતું તે જ તીર સાંજ સુધીમાં અનેકનાં દિલ વીંધતું વીંધતું આવીને તેમને જ વાગ્યું.

આપણામાંના કેટલા લોકોને આ પ્રકારનો અનુભવ થયો છે ? પોતાની જાતને જ પૂછીએ તો જવાબ મળશે કે મોટાભાગના તમામ આમાંથી પસાર થઈ ચૂક્યા છીએ. સામેવાળાની પરિસ્થિતિનો વિચાર આપણે શા માટે કરીએ ? આપણે તો બસ આપણી જ વાત ચલાવ્યા રાખીએ છીએ. એકબીજાને Blame કરતા પહેલાં પોતાની જાતને એ પરિસ્થિતિમાં મૂકીને ત્યારબાદ સમજણપૂર્વક આગળ વાત કરીએ તો કદાચ એકબીજાને વ્યથિત કરવાની આ Chain ને વચ્ચેથી જ અટકાવી શકાય. કયારેક કોઈની નિંદા સાંભળીએ, તો પણ એમ સમજવું કે કંઈક ગેરસમજ થઈ હશે. કહેવા- સાંભળવામાં પણ ભૂલો થતી જ હોય છે. એક વ્યક્તિ જે ભાવનાથી બોલે, અન્ય એનો કંઈક અલગ જ અર્થ કાઢે તો ગેરસમજ ઊભી થાય જ. કોઈ વ્યક્તિ કદાચ પોતાની ભૂલો તમારી સમક્ષ સ્વીકારે તો તેના દોષ અને ભૂલો સાંભળીને તેના નિવારણમાં મદદ કરવામાં આવે તો ધીરે ધીરે વ્યક્તિની ભૂલો અને એના દોષ ધોવાતા જાય છે અને તેનું મન સ્વચ્છ બને છે. તો આવો, પરસ્પર એકબીજાને સમજતા અને અનુકૂળ બનતા શીખીને અને એક સુંદર, તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ.

Last Seen :

*'કંઈક બોલવામાં અને સંભળાવી દેવામાં*
*માત્ર એક ક્ષણ લાગે છે !*
*જ્યારે કંઈક બનાવવામાં અને મનાવવામાં*
*આખુંયે આયખું વીતી જાય છે !*
*પ્રેમ સદાય માફી માંગવાનું સ્વીકારે છે જ્યારે*
*અહંકાર સદાય માફી સ્વીકારવાનું જ પસંદ કરે છે !'*

- nehalgadhavi101@gmail.com

# નરેન્દ્ર મોદીનો અશ્વમેધ હવે ઈશાન ભારત ભણી



## અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

- ઈશાન ભારતનાં હિંદુબહુલ રાજ્યો પછી ખ્રિસ્તીબહુલ રાજ્યો પણ સંઘ-ભાજપની ઝોળીમાં
- ભવ્ય ઈતિહાસ છતાં કૉંગ્રેસ આજે સાવ જ ખાંડા ઢોરની પાંજરાપોળ જેવી બની ગઈ છે
- રોજે રોજ નવા મુદ્દાઓ ઉછાળવામાં ઉસ્તાદ વડા પ્રધાન હજુ સૌથી પ્રભાવી રાજનેતા
- ગામના ઉંદરોને ઘેલા કરનાર બૅગપાઈપર જેવા જબરા વાંસળીવાદક એટલે જ ન.મો.

ઝટકો પામેલા વિરોધ પક્ષના આગેવાનો તાજેતરમાં જ થયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓનું વિશ્લેષણ અને આત્મનિરીક્ષણ કરતા રહ્યા. એ વેળા વડા પ્રધાન અને ભારતીય જનતા પક્ષના સર્વોચ્ચ નેતા નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૯માં આવનારી લોકસભાની ચૂંટણી સાથે જ વિવિધ રાજ્યોની વિધાનસભાની આગામી ચૂંટણીઓના વ્યૂહને અંતિમ સ્વરૂપ આપી રહ્યા હતા. આફતોને અવસરમાં ફેરવવાની મોદીની ચાણક્ય નીતિ સામે તમામ વિપક્ષો સંગઠિત થઈને ભાજપવિરોધી મોરચો રચવાનું ચિંતન કરે એ પહેલાં એવા સંભવિત મોરચામાં બાકોરાં કેમ પાડવાં અને કયા મહત્ત્વના નેતાઓને ભાજપ સાથે જોડવા એની વેતરણમાં મોદીકારણ રમમાણ છે. હમણાં ઉત્તર પ્રદેશ જેવા સૌથી મોટા રાજ્યને જીતીને ઈડરિયો ગઢ જીત્યાનો હરખ ભગવી સેનાને કરાવનાર મોદી પંજાબ રાજ્યમાં અકાલી-ભાજપનું જોડાણ દસ વર્ષે હાર્યાનું સાટું ગોવા અને મણિપુરમાં વાળી લેવા કૃતસંકલ્પ હતા. એ ઈશારો કરે અને સંઘ પરિવારની સેના કામે વળી જાય છે. પંજાબમાં કૉંગ્રેસને બહુમતી મળી અને કેપ્ટન અમરીન્દર સિંહ જેવા પતિયાળાના 'મહારાજા' ફરી ગાદીએ આવ્યા તો ખરા, પણ એ સુખે પાંચ વર્ષ રાજ કરશે કે કેમ એ મોદીસેના જ નક્કી કરશે. ક્યારે ક્યાં સુરંગો ગોઠવવી એ રાજકીય વ્યૂહમાં નરેન્દ્ર મોદી ભાગ્યે જ અન્ય કોઈ કરતાં પાછળ રહે છે. ક્યારેક સરદાર વલ્લભભાઈ પટેલ અને ઈંદિરા ગાંધી જેવાં કૉંગ્રેસી નેતા જાગતા નેતાની જેમ વિરોધીના વ્યૂહને ફોક કરવા માટે આગોતરી ચાલ ચાલતાં હતાં. આજે મોદી એમને અનુસરતા લાગે છતાં બધું મૌલિક કરતા હોવાનો અનુભવ કરાવે છે.

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનો ઈતિહાસ ભવ્ય છે, પણ વર્તમાન અને ભવિષ્ય સાવ જ ધૂંધળું છે. ક્યારેક મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, મોહમ્મદ અલી ઝીણા, ડો. કેશવ બલિરામ હેડગેવાર જેવાની કૉંગ્રેસ આજે સાવ જ ખાંડા ઢોરની પાંજરાપોળ બની ગઈ છે. છ-છ દાયકા લગી શાસન કર્યા પછી એનામાં લડાયક મિજાજ રહ્યો નથી. સોનિયા ગાંધી - રાહુલ ગાંધીની કૉંગ્રેસને સાવ જ મજાકનું માધ્યમ બનાવવાની હદે ભારતીય રાજકારણને લઈ જવામાં અટલબિહારી વાજપેયી પછી ભગવી બ્રિગેડના નેતાઓની કરામતોને દેશની પ્રજાએ કાંઈક અંશે આવકારી છે. કૉંગ્રેસ હતપ્રદ છે. ભાજપના વડપણવાળી કેન્દ્ર સરકાર થકી મોટા ભાગનાં રાજ્યોમાં રિમોટ ચલાવવા માટે રાજ્યપાલો નિયુક્ત થયેલા છે, પણ હજુ પણ તમામ રાજ્યો ભાજપની ઝોળીમાં આવ્યાં નથી. મોદીનો અશ્વમેધ એ દિશામાં આગેકૂચ કરવા માટે સતત પ્રયત્નશીલ છે. કજોડાં કહી શકાય એટલી હદે જમ્મુ-કાશ્મીરમાં જોવા મળેલાં જોડાણ કે સતત વિપક્ષની ભૂમિકા ભજવતા સાથી પક્ષ જેવી મહારાષ્ટ્રની અવસ્થા છતાં ભાજપનો પ્રભાવ વિસ્તારવા માટે મિત્રપક્ષો સાથેનાં જોડાણો અનિવાર્ય હોવાની મોદીબ્રાન્ડ વ્યૂહરચના સમજી શકાય છે. દક્ષિણ ભારતના તમિળનાડુ તથા કેરળમાં સત્તામાં સહભાગી થવા વડા પ્રધાનની પાર્ટીએ ખૂબ જ ઉધામા માર્યા છતાં સમ ખાવા પૂરતી એકાદ-બે બેઠકોથી વિશેષ કોઈ સફળતા ધારાસભાની ચૂંટણીમાં મળી નથી. દેશભરમાં સૌથી વધુ સંઘની શાખાઓ ચલાવાય છે એ કેરળમાં સંઘનિષ્ઠોએ છેક ૧૯૪૨થી ધૂણી ધખાવી હતી ત્યારે ગત વર્ષમાં માંડ એક બેઠક જીતીને વિધાનસભામાં પહેલીવાર પ્રવેશ મળ્યો. તામિળનાડુમાં પણ રોકડી એક જ બેઠક લોકસભાની ચૂંટણીમાં મળી છે. હવે પછી દેશનાં બીજાં રાજ્યો સર કરવાં છે. આગામી દિવસોમાં જ્યાં ચૂંટણી આવે છે ત્યાં કોઈપણ ભોગે બહુમતી કરીને પણ ભાજપની સત્તા સ્થાપવી છે. ના મળે તો વિરોધ પક્ષોને તોડી, અસંતુષ્ટોને લલચાવીને પણ અરુણાચલ પ્રદેશવાળી કરવી છે.

હમણાં મણિપુરની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને કૉંગ્રેસ કરતાં ઘણી ઓછી બેઠકો મળ્યા છતાં કુનેહથી બહુમતી કરીને જૂના કૉંગ્રેસી એવા એન. બિરેનસિંહની મુખ્યપ્રધાન પદ માટે વરણી કરાઈ છે. હવે વડા પ્રધાન મોદીએ મિઝોરમ અને મેઘાલય ઉપરાંત ત્રિપુરા કબજે કરવું છે. ત્રિપુરામાં માર્ક્સવાદી મુખ્યપ્રધાન માણિક સરકારને વિશે કોહિમાથી અમારી સાથેની વાતચીતમાંથી સંઘ પરિવારના અગ્રણી ખૂબ ઊંચો અભિપ્રાય આપે છે. એ કહે છે 'ભાજપના મુખ્યપ્રધાનોએ પણ એમની સાદગી અને કામ કરવાની પદ્ધતિમાંથી શીખવા જેવું છે. સાદગી જ નહીં, ભ્રષ્ટાચારમુક્ત, હિંદુવાદી અને રાષ્ટ્રવાદી નેતા-કાર્યકર્તા છે.' અરુણાચલમાં વર્ષ ૨૦૧૪માં વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસને ભવ્ય બહુમતી મળી હતી, પણ સામગટે પક્ષાંતર કરાવવાના મોદી-અમિત શાહ બ્રાન્ડ વ્યૂહને પ્રતાપે અરુણાચલ આજે ભાજપની રાજ્ય સરકાર ધરાવે છે. મેઘાલય અને મિઝોરમ જેવાં ખ્રિસ્તી બહુલ રાજ્યોમાં હવે ખ્રિસ્તી પ્રજા જ નહીં, ખ્રિસ્તી મિશનરીઓ પણ કેન્દ્રમાં સત્તારૂઢ અને પ્રદેશમાં કાર્યરત સંઘ-ભાજપ અંગે મત બદલાવા માંડી છે. સિક્કિમ અને નાગાલેન્ડમાં તો ભાજપના મિત્રપક્ષની સત્તા છે. એ પહેલાં છેલ્લાં પંદર વર્ષથી કૉંગ્રેસનું શાસન ધરાવતા આસામના કૉંગ્રેસી અને અહોમ ગણ પરિષદના નેતાઓએ ભાજપમાં પ્રવેશ આપવા ઉપરાંત અહોમ ગણ પરિષદ અને બીજા પક્ષો-જૂથો સાથે જોડાણ કરને દિશપુર (આસામની રાજધાની)માં ભાજપના મુખ્યપ્રધાન સર્વાનંદ સોનોવાલને સ્થાપિત કરાયા છે. સોનોવાલ પણ કાંઈ સંઘ પરિવારમાંથી આવતા નથી. એ મૂળ અહોમ ગણ પરિષદના છે. વડા પ્રધાન મોદીના વ્યૂહ હવે એવા છે કે સંઘનિષ્ઠ મુખ્યપ્રધાન કે નાયબ મુખ્યપ્રધાન જ હોય એવો દુરાગ્રહ સેવવો નહીં. હા, સંઘનિષ્ઠોની નિગરાની આવા તમામ મુખ્યપ્રધાનો કે અન્ય શાસકો પર સતત રહે અને એ નિગરાની રાખનાર પણ પાછા તમામ મોદીનિષ્ઠ હોય એ પૂર્વશરત વણલખી ગણવી પડે!

આવતા દિવસોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, કર્ણાટક સહિતનાં જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આવે છે એમાં ક્યાંય કશું કાચું ન કપાય એની તજવીજમાં રહેવાના મોદીબ્રાન્ડ વ્યૂહ અસ્સલ

અનુસંધાન પાના નં. ૭ પર